Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# સિન્ડિકેટની સામાન્ય સભા

## : નોટિસ :

સિન્ડિકેટની સામાન્ય સભા શુક્રવાર, તા.૧૬–૦૭–૨૦૨૧ના રોજ બપોરેઃ ૧૨–૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન / ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળશે, જેમાં હાજર રહેવાની અનુકૂળતા કરવા વિનંતી છે.

## : કાર્યસૂચિ :

૧. સિન્ડિકેટની તા.૦૯–૦૭–૨૦૨૧ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

**(નોંધઃ** પ્રસ્તુત કાર્યવાહી તા.૦૯–૦૭–૨૦૨૧, ક્રમાંકઃએસ–૧(૧)/૯૯૦૯/૨૦૨૧થી મોકલવામાં આવેલ છે.**)**

૨. યુનિવર્સિટી સંલગ્ન વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, વનિતા વિશ્રામ કેમ્પસ, સુરતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૧–૧૦–૨૦૧૭નો પત્ર ક્રમાંકઃએસ.એ.(વનિતા–૩૭૬) (કોમર્સ) (૧૭) /૨૧૨૭૮ થી તા.૧૫–૬–૨૦૧૭ થી ત્રીજા વર્ષ સ્વનિર્ભર બી.કોમ.અભ્યાસક્રમનું ક્રમશઃ વધારાનું (કાયમી) જોડાણ આપતું જાહેરનામું બહાર પાડવા ભલામણ કરવમાં આવી હતી. પરંતુ શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૪–૫–૨૦૧૮ના પત્ર ક્રમાંક :દગજ/ ૨૦૧૬/૬૯/ખ.૧ થી પ્રસિધ્ધ થયેલ જાહેરનામામાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ.નું ત્રીજા વર્ષનું ક્રમશઃ વધારાનું જોડાણ તા.૧૫–૬–૨૦૧૭થી તા.૧૪–૬–૨૦૧૮ સુધીનું એક વર્ષ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૧૭–૫–૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૬/૬૯/ખ.૧થી નવું ક્રમશઃ કાયમી જોડાણ (તા.૧૫–૬–૨૦૧૫ થી તા.૧૪– ૬– ૨૦૧૬) તથા ક્રમશઃવધારાનું કાયમી જોડાણ (તા.૧૫–૬–૨૦૧૬ થી તા.૧૪– ૬–૨૦૧૭) (નકલ આ સાથે સામેલ છે) તા. ૯–૭–૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૬/ ૬૯/ખ.૧ થી આપે ૧૫–૬–૨૦૧૭ થી કાયમી જોડાણ મંજુર કરવાનું રહેતું હોઈ, યુનિવર્સિટીની સિન્ડિકેટના ઠરાવ સહિત દરખાસ્ત કરવા માટે જણાવેલ હોઈ, શિક્ષણ વિભાગ તરફથી સદર કોલેજનું જેમ પ્રથમ અને બીજા વર્ષનું ક્રમશઃ વધારાના વર્ષનું કાયમી જોડાણ આપતું જાહેરનામું બહાર પાડવામાં આવેલ હોઈ, તેવી જ રીતે સદર કોલેજનું ત્રીજા વર્ષ બી.કોમ.નું ક્રમશઃ વધારાનું ૧૫–૬–૨૦૧૭ થી કાયમી જોડાણ આપતું જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરવામાં આવેલ પરંતુ ત્યારબાદ તા.૧૫– ૬– ૨૦૧૮ થી કાયમી જોડાણ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા સિન્ડિકેટના ઠરાવ સહિત યુનિવર્સિટીએ નવેસરથી દરખાસ્ત રજૂ કરવા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીઓ તેમના તા.૦૪–૦૧–૨૦૧૯ના પત્રાંક દગજ/૨૦૧૬/૬૯/ખ.૧ તથા સદર કોલેજના આચાર્યશ્રીના તા.૨૨–૧–૨૦૧૯ ના પત્ર ક્રમાંકઃ ૨૦૧૮–૨૦૧૯/ એફી.બી.કોમ. ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ :(૧) સિન્ડિકેટની તા.૨૧–૯–૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક : (૪૯) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવામાં આવે છે.**

(૨) સિન્ડિકેટની તા.૮–૧૨–૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક : (૧૩) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત આગામી સિન્ડિકેટ સભા સમક્ષ રજૂ કરવી.**

(૩) સંસ્થાનો તથા રાજ્ય સરકારના પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(બિડાણ : ૦૧)
(સિન્ડિકેટ)

૩. યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની NRI સીટો માટે નીતી નક્કી કરવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૬અન્વયે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ની સભાની ભલામણ ક્રમાંક : ૫૬</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની NRI સીટો માટેપ્રવેશ સુપરન્યુમેરીક બેઠક દ્વારા આપવામાં આવે. ડીવીઝનદીઠ વધુમાં વધુ ૫% બેઠકો સુપરન્યુમેરીક બેઠક તરીકે ફાળવવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(એકેડેમિક)

૪. સાઉથ ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ કોલેજ મેનેજમેન્ટ એસોસીયેશનના પ્રમુખ અને ઉપપ્રમુખશ્રીના તા.૨૫/૬/૨૦૨૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ : પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(બિડાણ : ૦૨ )

(સિન્ડિકેટ)

૫. **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **Sd/-**
ક્રમાંક : એસ–૧ (૧)/૯૯૧૦/૨૦૨૧ **ઈ.ચા.કુલસચિવ**
તા.૦૯ –૦૭–૨૦૨૧

પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**